BUSINESS મિત્ર

શેરબજારમાં તેજી, સેન્સેક્સ 1233.25 પોઇન્ટ ઉછળ્યો

2020 પછી રિલાયન્સમાં પહેલી વાર 10% કરતા વધુનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: ભારતીય શેરબજારમાં આજે પોઝિટિવ શરૂઆત થયા બાદ વધુ ઉછળ્યા હતા, જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની આગેવાની જોવા મળી હતી. રિલાયન્સ ઇન્ડ.ના જાહેર થયેલા પરિણામ બાદ આજે ખુલ્યા બાદ શેરબજારમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. જેમાં રિલાયન્સે 2020 બાદ પ્રથમ વખત 10 ટકા વધુની એક દિવસીય તેજી જોવા મળી છે. રિલાયન્સની પાછળ અન્ય શેરોમાં પણ ખરીદી નીકળી હતી અને મજબૂતાઇ સાથે બંધ રહ્યા હતા.

લાંબા ગાળાના કેપિટલ ગેઇન ટેક્સમાં વિદેશી રોકાણકારોને રાહત આપતા સમાચાર ટૂંકસમયમાં જાહેર થશે તેવા અહેવાલની પાછળ બજારમાં મજબૂતાઇ આગળ વધી હતી, તેની સાથે રૂપિયો મજબૂત અને બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાના કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ સુધર્યુ હતું. જોકે, હજુય પસંદગીના શેરોમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો.

એવું માનવામાં આવી રહ્યું છે કે, વૈશ્વિક એઆઇ લિંક્ડ શેરોમાં નબળાઇના લીધે ભારતીય ઇક્વિટી બજારને વધુ મજબૂતાઇ આપી હતી. જોકે, આજે ભારતીય આઇટી શેરો સુસ્ત રહ્યા હતા. જે શરૂઆતમાં પોઝિટિવ રહ્યા હતા, પણ પાછળથી નફાવસુલી જોવા મળી હતી. આજે નિફ્ટી 23400 પોઇન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. જોકે, 23500થી 23600 પોઇન્ટ જે નફાવસુલીનો એરિયા છે, જો તેને કુદાવીને બંધ રહે તો બજારમાં સસ્ટેનેબલ તેજી રહી શકે છે.

સેક્ટર વાઇઝ જોઇએ તો ઓઇલ એન્ડ ગેસ, કન્ઝયુમર ડયુરેબલ્સ અને મેટલ શેરોમાં તેજી જોવા મળી હતી, જ્યારે મીડિયા, આઇટી અને ખાનગી બેન્કોના શેરોમાં વેચવાલી રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 1233.25 પોઇન્ટ એટલે કે 1.66 ટકા વધીને 75692.78 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75692 પોઇન્ટ ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74978 પોઇન્ટ સુધી ઘટી હતી. નિફ્ટી 387.70 પોઇન્ટ એટલે કે 1.68 ટકા વધીને 23400 પોઇન્ટની સપાટી કુદાવીને 23440.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23440 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23207 પોઇન્ટ સુધી ઘટી હતી. આમ, આજે સેન્સેક્સ અને નિફ્ટી તેમના ઉપલા સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે બેન્ક નિફ્ટી 315.25 પોઇન્ટ એટલે કે 0.58 ટકા સુધરીને 55000 પોઇન્ટની સપાટી કુદાવીને 55002.20 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે મધરસન સુમી વાયરીંગમાં 14.02 ગણા, લેટન્ટ વ્યૂમાં 10.21 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સમાં 9.9 ગણા, એસ્ટર ડીએમાં 9.81 ગણા અને દેવયાની ઇન્ટરનેશનલમાં 7.94 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે આઇટીઆઇ લિ.માં 101.84 ગણા, એફલ થ્રી આઇમાં 23.56 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સમાં 20.67 ગણા, ઝેન ટેકનોલોજીમાં 17.07 ગણા અને મધરસન સુમી વાયરીંગમાં 16.59 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ પસંદગીના શેરોની ખરીદીના પગલે બંને ઇન્ડેક્સ વધ્યા હતા. નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ 1.25 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.35 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. એનએસઇ ખાતે 2445 શેરો વધ્યા હતા, જ્યારે 1164 શેરો ઘટયા હતા, તથા 104 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ 5.95 ટકા ઉછળ્યો હતો. જેમાં રિલાયન્સના 11 ટકાના ઉછાળાને આભારી છે. આ સિવાય ગેઇલ, કેસ્ટ્રોલ ઇન્ડિયા, ઓએનજીસી, પેટ્રોનેટ એલએનજી, આઇઓસી, એજીસ વોપાક ટર્મિનલ્સ, અદાણી ટોટલ ગેસ, બીપીસીએલ અને ચેન્નાઇ પેટ્રોલિયમ કોર્પોરેશન વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર્સ 252 પોઇન્ટ સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજાર પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. રોકાણકારોએ કોર્પોરેટ કમાણી, આર્થિક ડેટા અને વ્યાજદરના દ્રષ્ટિકોણનું મુલ્યાંકન કર્યુ હોવાથી યુરોપિયન બજારો પોઝિટિવ ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વળણ રહ્યું હતું. એઆઇ ઇન્વેસ્ટમેન્ટ તેજીની ટકાઉપણુ અંગેની ચિંતાઓએ તકનીકી શેરો ઉપર ભાર મુક્યો હતો.

યુરોપિયન બજારોમાં કેક 0.26 ટકા અને ડેક્સ 0.14 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે એફટીએસઇ 0.08 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.12 ટકા, સ્ટ્રેઇટસ 1.37 ટકા, તાઇવાન 0.65 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે હેંગસેંગ 0.26 ટકા, કોસ્પી 2.19 ટકા, જકાર્તા 0.78 ટકા અને શાંઘાઇ 0.92 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં સુધારો આગળ વધ્યો

કરન્સી બજારમાં આજે પણ રૂપિયામાં રીકવરી ચાલુ રહી હતી અને રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. ડોલરની સામે રૂપિયો 6 પૈસા સુધરીને 94.90ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.96ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.62, પાઉન્ડ 126.53, કેનેડિયન ડોલર 67.76, ઓસ્ટ્રેલિયન ડોલર 66.42, જાપાનીઝ યેન 0.6009, સીંગાપોર ડોલર 74.14ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.90 રૂ.
યુરો	106.62 રૂ.
પાઉન્ડ	126.53 રૂ.
યેન	0.6042 રૂ.

સેન્સેક્સ	1233.25	75692.78
નિફ્ટી	387.70	23440.80
બેન્ક નિફ્ટી	315.25	55002.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	11.60	1300.00
ટાટા સ્ટીલ	5.83	177.37
જેએસડબલ્યુ સ્ટીલ	5.13	1309.90
કોલ ઇન્ડિયા	4.88	408.00
શ્રીરામ ફાઇનાન્સ	4.88	863.35

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.03	1161.00
ICICI બેન્ક	0.76	1387.40
ડો. રેડ્ડીઝ લેબ	0.74	1342.00
કોટક મહિન્દ્રા બેન્ક	0.70	458.35
એક્સીસ બેન્ક	0.66	1209.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	11.64	1299.00
ટાટા સ્ટીલ	5.64	177.15
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.75	11354.00
એસબીઆઇ	2.71	987.00
એનટીપીસી	2.37	323.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	1.61	1163.00
કોટક મહિન્દ્રા બેન્ક	0.65	458.00
ICICI બેન્ક	0.63	1385.25
સન ફાર્મા	0.58	1768.00
એક્સીસ બેન્ક	0.47	1209.00

વિદેશી રોકાણકારો માટે LTCG રદ કરવા સેબીની ભલામણ

મ્યુચ્યુઅલ ફંડમાં એક સ્કીમમાંથી બીજીમાં સ્વિચિંગ પર પણ ટેક્સ મુક્તિ આપવા સરકારને દરખાસ્ત

નવી દિલ્હી, તા. 2: માર્કેટ રેગ્યુલેટર સેબીએ સરકારને વિદેશી રોકાણકારો પર લાદવામાં આવેલા લોંગટર્મ કેપિટલ ગેઇન ટેક્સ (એલટીસીજી) દુર કરવાની ભલામણ કરી છે, જ્યારે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો માટે નવા હોલ્ડીંગ્માં રોકાણ કરવા માટે હાલના હોલ્ડીંગ્સ વેચે છો તેમને એલટીસીજીમાંથી મુક્તિ મળે તેવી ભલામણ કરી છે.

ફેબ્રુઆરીમાં વાર્ષિક બજેટના મહિનાઓ પહેલા આવતી ભલામણો બંધનકર્તા નથી અને અંતિમ કોલ સરકાર પાસે છે. ભારતનું ઇક્વિટી બજાર છેલ્લા બે વર્ષમાં ઉભરતા બજારોની સરખામણીએ પાછળ રહી ગયું છે. વિદેશી રોકાણકારોએ આ વર્ષે ભારતીય શેરબજારમાંથી વિક્રમી 31 અબજ ડોલરનું વેચાણ કર્યુ છે અને રિટેલ રોકાણકારો દ્વારા વિદેશી રોકાણમાં વધારો થયો છે.

સેબીની ભલામણો છેલ્લા બે વર્ષમાં વિદેશી રોકાણકારો સાથે રેગ્યુલેટર દ્વારા યોજાયેલી ઘણી બેઠકોને અનુસરે છે, કારણ કે વેચાણ ચાલુ રહ્યું છે, જેના કાણે ભારતીય ચલણ પર દબાણ આવ્યું છે.

છેલ્લા કેટલાક સમયથી ટેક્સમાં ફેરફાર માટે માગણી કરી રહ્યા છે. આ દરખાસ્તોન હેતુ વિદેશી રોકાણકારો પરના અપફ્રન્ટ ટેક્સનો બોજ ઘટાડવાનો છે.

સેબીએ કહ્યું કે, ભારતમાં ઇક્વિટીમાં રોકાણ સાથે સંકળાયેલા ટ્રાન્ઝેકશન ખર્ચ વધુ છે. રોકાણકારો હાલમાં એક વર્ષથી વધુ સમયથી રાખવામાં આવેલી સિક્યોરિટીઝ માટે 12.5 ટકા લાંબા ગાળાના મુડી લાભ કર અને 20 ટકા ટુંકાગાળાના મુડી લાભ કર ચુકવે છે, ઉપરાંત વેપાર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ અને ડિવિડન્ડ પર વિથ હોલ્ડીંગ ટેક્સ ચુકવે છે.

બ્રોકરેજ ફર્મ જેફરીઝે આ અઠવાડિયાની શરૂઆતમાં એક નોંધમાં જણાવ્યું હતું કે, કેપિટલ ગેઇન ટેક્સમાં કોઇપણ ઘટાડો વિદેશી રોકાણકારો માટે બજારના આકર્ષણમાં સુધારો કરી શકે છે અને પોર્ટફોલિયો પ્રવાહને ટેકો આપી શકે છે. બ્રોકરેજ ફર્મ આઇઆઇએફએલ અંદાજ છે કે કેપિટલ ગેઇન ટેક્સ રદ કરવાથી વિદેશી રોકાણકારોના વળતરમાં 2.3 ટકાનો વધારો થઇ શકે છે.

છેલ્લા બે વર્ષમાં નિફ્ટી 4.8 ટકા ઘટ્યો હતો, જ્યારે એમએસસીઆઇ ઇમર્જિંગ માર્કેટ ઇન્ડેક્સ 40 ટકા વધ્યો છે. સુત્રોએ જણાવ્યું હતું કે, રોકાણકારોને સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે, સેબીએ ભલામણ કરી છે જો એકમો એક વર્ષથી વધુ સમયથી હોલ્ડ કરવામાં આવ્યા હોય તો એક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમાંથી બીજી સ્કીમમાં સ્વીચ કરવાને કરપાત્ર વેચાણ તરીકે ગણવું જોઇએ નહીં. ભારતીય મ્યુચ્યુઅલ ફંડસ પાસે 82.6 લાખ કરોડ રૂપિયાની એયુએમ છે. જેમાં દર મહિને સરેરાશ 30 અબજ રૂપિયા માસિક રોકાણ યોજનાઓ દ્વારા આવે છે.

દેશમાં કોલસાનું ઉત્પાદન 42 ટકા વધીને 22.03 મિલિયન ટન થયું

ઘરેલું કોલસાનું ઉત્પાદન વધતા કોલસાની આયાતમાં ઘટાડો

નવી દિલ્હી, તા. 2: દેશમાં કેપ્ટિવ અને કોમર્શિયલ કોલસાની ખાણોનું ઉત્પાદન વાર્ષિક ધોરણે 42 ટકા વધીને ઓક્ટોબરમાં 22.03 મિલિયન ટન થયું છે. ગયા વર્ષે આ જ મહિનામાં આ ખાણોમાંથી 15.49 મિલિયન ટન કોલસાનું ઉત્પાદન થયું હતું. કોલસાની રવાનગી પણ ઓક્ટોબર 2025માં 15.48 મિલિયન ટનથી ઓક્ટોબરમાં 36 ટકા વધીને 21.11 મિલિયન ટન થઈ છે. કોલસા મંત્રાલયના જણાવ્યા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ઓક્ટોબર દરમિયાન પણ આ ક્ષેત્રમાં મજબૂત વૃદ્ધિ નોંધાઇ હતી. કોલસાનું ઉત્પાદન પાછલા વર્ષના 105.33 મિલિયન ટનથી વધીને 117.23 મિલિયન ટન થયું છે, જે 11.30 ટકાનો વધારો છે. કોલસાની રવાનગી ગયા વર્ષના સમાન સમયગાળામાં 111.95 મિલિયન ટનથી 11.53 ટકા વધીને 124.86 મિલિયન ટન થઇ છે. મંત્રાલયે માહિતી આપી હતી કે ઝારખંડમાં લોહારી કોલસાની ખાણને ઓક્ટોબર 2026માં ખાણ ખોલવાની મંજૂરી મળી ગઇ છે. ખાણ કામગીરી શરૂ કરવા માટે ઘણા વર્ષોથી રાહ જોઇ રહી હતી.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મંજૂરીથી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ સંબંધિત સુધારાઓની અસર સામે આવી છે. આ સાથે, ઓપરેશનલ કેપ્ટિવ અને કોમર્શિયલ કોલસાની ખાણોની સંખ્યા વધીને 87 થઇ ગઇ છે.

મંત્રાલયનું કહેવું છે કે આ ખાણોમાંથી વધેલા ઉત્પાદનથી આયાતી કોલસા પરની નિર્ભરતા ઘટાડવામાં, સપ્લાય ચેઇનને મજબૂત કરવામાં અને વિદેશી હુંડિયામણ બચાવવામાં મદદ મળશે. આનાથી ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી આ મહત્વપૂર્ણ કાચા માલના સંદર્ભમાં આત્મનિર્ભર ભારતના લક્ષ્યને પણ વેગ મળશે.

દરમિયાન, ઓગસ્ટ 2026માં ભારતની કોલસાની આયાત વાર્ષિક ધોરણે 5.83 ટકા ઘટીને 104.57 મિલિયન ટન થઇ હતી. ગયા વર્ષે ઓગસ્ટમાં દેશે 111.05 મિલિયન ટન કોલસાની આયાત કરી હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન કોલસાની આયાતમાં 64.8 લાખ ટનનો ઘટાડો થયો છે, જે સ્થાનિક કોલસાની વધુ સારી ઉપલબ્ધતા અને સપ્લાય ચેઇનને મજબૂત કરવાના પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે.

62 ટકા રિટર્ન્સમાં પગાર ઉપરાંતની આવકનો સમાવેશ

31 ઓગસ્ટ સુધીમાં 78 મિલિયનથી વધુ રિટર્ન ફાઇલ થયા, યુવાનો અને મહિલાઓની સક્રિય ભાગીદારી

મુંબઈ, તા. 2: આકારણી વર્ષ 2026-27 માટે, ભારતના 62 ટકા ટેક્સ રિટર્ન માત્ર પગાર આવક ઉપરાંત મૂડી લાભ (કેપિટલ ગેઇન્સ) અને વ્યવસાયિક આવક હેઠળ પણ ભરવામાં આવ્યા છે. ઓગસ્ટની અંતિમ તારીખ સુધીમાં 78 મિલિયનથી વધુ રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા હતા. આ બદલાવ ઇક્વિટી માર્કેટમાં સામાન્ય રોકાણકારોની વધતી ભાગીદારી અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓનો વ્યાપક વલણ સૂચવે છે; જોકે, તેની સાથે દંડથી બચવા માટે સચોટ કર પાલન (ટેક્સ કમ્પ્લાયન્સ) ની જરૂરિયાત પણ વધી છે.

ભારતમાં વ્યક્તિગત નાણાકીય ક્ષેત્રમાં નોંધપાત્ર માળખાકીય પરિવર્તન આવ્યું છે, કારણ કે કરદાતાઓ હવે પરંપરાગત, માત્ર પગાર આધારિત આવકના મોડલથી દૂર જઈ રહ્યા છે. આકારણી વર્ષ (AY) 2026-27 ના આંકડા દર્શાવે છે કે 31 ઓગસ્ટ, 2026ની અંતિમ તારીખ સુધીમાં દાખલ કરાયેલા 62% ટેક્સ રિટર્ન, સરળ 'ITR-1' શ્રેણી ઉપરાંત ભરાયા હતા. અગાઉના વર્ષોની સરખામણીમાં આ એક મોટો ઉછાળો છે, જે સૂચવે છે કે વ્યક્તિઓ હવે આવકના વિવિધ સ્ત્રોતો જાહેર કરી રહ્યા છે; જેમ કે ઇક્વિટી રોકાણોમાંથી થતો મૂડી લાભ (કેપિટલ ગેઇન્સ), વ્યવસાયિક નફો અને ફ્રીલાન્સ કામ દ્વારા થતી કમાણીનો પણ સમાવેશ થાય છે.

ITR-2, ITR-3, અને ITR-4 ફોર્મ તેઓ ભરી રહ્યા છે. જે એક પરિપક્વ નાણાકીય વાતાવરણ તરફ નિર્દેશ કરે છે જ્યાં મધ્યમ વર્ગના પરિવારો ફક્ત પગાર કરતાં વધુનું સંચાલન કરી રહ્યા છે. યુવાન કરદાતાઓ, ખાસ કરીને 25 વર્ષથી ઓછી ઉંમરના લોકો, આ બદલાવનું નેતૃત્વ કરી રહ્યા છે. આ વય જૂથમાં, ITR-3 ફાઇલિંગ તરફ નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જેનો ઉપયોગ વ્યવસાય અથવા વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાંથી આવકની જાણ કરવા માટે થાય છે. આ સૂચવે છે કે યુવા કાર્યબળ તેમની કારકિર્દીમાં ખૂબ વહેલા આવકના સ્ત્રોતોમાં સાઇડ બિઝનેસ અથવા સક્રિય શેરબજાર જોડાણ દ્વારા વૈવિધ્યીકરણ કરી રહ્યું છે.

શેરબજારના મૂડી લાભો અથવા વધઘટ થતા વ્યવસાયિક નફા જેવા બહુવિધ આવક સ્ત્રોતોની જાણ કરવાથી ભૂલોની જાણ થવાની સંભાવના વધુ હોય છે. વર્તમાન કર માળખા હેઠળ, આ પ્રવાહોની યોગ્ય રીતે જાણ કરવામાં નિષ્ફળ જવાથી અથવા ફાઇલિંગની સમયમર્યાદા ચૂકી જવાથી લેટ ફી, વ્યાજ જવાબદારીઓ અને લાભોનું સંભવિત નુકસાન થઈ શકે છે, જેમ કે જાણકારી નહીં હોવાથી ભવિષ્યના વર્ષોમાં વ્યવસાય અથવા મૂડી નુકસાનને આગળ ધપાવી શકતા નથી. વધુમાં, નવા આવકવેરા કાયદા, 2025 માં સંક્રમણ માટે કરદાતાઓને નવી પ્રક્રિયાગત આવશ્યકતાઓ પર અપડેટ રહેવાની જરૂર છે. જેમ જેમ વ્યક્તિગત નાણાકીય પોર્ટફોલિયો જટિલ થઈ રહ્યા છે, તેમ તેમ સચોટ રેકોર્ડ રાખવો પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગયો છે. રોકાણકારોએ નોંધ લેવી જોઈએ કે વેલ્થ મેનેજમેન્ટ સાથે જે કર પાલન પર વધુ ધ્યાન આપવાની જરૂર છે જેથી મળી રહેલો ફાયદો અનાવશ્યક દંડ અથવા વ્યાજ ચુકવણી હેઠળ પછો ના થઈ જાય.

ડિજિટલ પેમેન્ટનો આંકડો પહેલીવાર રૂ. 30 લાખ કરોડ પાર

તહેવારોમાં UPI પેમેન્ટસે તોડયા તમામ રેકોર્ડ

ઓક્ટોબર મહિનામાં આશરે 25.47 અબજ વ્યવહારો થયા, જેનું મૂલ્ય રૂ. 31.53 લાખ કરોડ

દૈનિક સરેરાશ વ્યવહારોનું મૂલ્ય રૂ. 1 લાખ કરોડને વટાવી જતાં ડિજિટલ ક્રાંતિએ પકડ્યો વેગ

મુંબઈ, તા. 2: તહેવારોને કારણે ઓક્ટોબર મહિનામાં UPIના ઉપયોગમાં વધારો જોવા મળ્યો છે અને દૈનિક સરેરાશ 82.2 કરોડ વ્યવહારો નોંધાયા છે. ઓક્ટોબર મહિનામાં નાગરિકોએ ખરીદી, બિલની ચૂકવણી અને નાણાં ટ્રાન્સફર માટે UPI નો વ્યાપક ઉપયોગ કર્યો હતો. તહેવારોની મોસમમાં થયેલા વધારાના ખર્ચે ડિજિટલ પેમેન્ટની પ્રવૃત્તિને વધુ વેગ આપ્યો છે.

ભારતમાં 'યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ' (UPI) એ ઓક્ટોબર મહિનામાં અત્યાર સુધીનું સર્વોચ્ચ માસિક પ્રદર્શન નોંધાવ્યું છે. આ સમયગાળા દરમિયાન આશરે 25.47 અબજ વ્યવહારો થયા, જેનું મૂલ્ય રૂ. 31.53 લાખ કરોડ છે. જે દેશની ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

પ્રથમ વખત, UPI દ્વારા થતા દૈનિક વ્યવહારોનું સરેરાશ મૂલ્ય રૂ. 1 લાખ કરોડને વટાવી ગયું છે, જે સમગ્ર ભારતમાં ત્વરિત ડિજિટલ ચૂકવણીને લોકો વધુને વધુ અપનાવી રહયા હોવાનું દર્શાવે છે. આ પ્લેટફોર્મ પર દરરોજ સરેરાશ 822 મિલિયન (82.2 કરોડ) વ્યવહારો નોંધાયા હતા અને આ મહિના દરમિયાન દૈનિક વ્યવહારોનું સરેરાશ મૂલ્ય રૂ. 1,01,707 કરોડ સુધી પહોંચ્યું હતું.

UPI એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા તેની મહિતી આપી હતી અને જણાવ્યું, "UPI દ્વારા સરળ, સુરક્ષિત અને ત્વરિત મની ટ્રાન્સફર સાથે તમારા નાણાકીય વ્યવહારોને સશક્ત બનાવો. હવે સમય છે »AlwaysForward (હંમેશા આગળ વધતા) રહેવાનો."

નાગરિકો રોજિંદા નાણાકીય વ્યવહારો - જેમાં છૂટક ખરીદી, ઓનલાઇન શોપિંગ, બિલની ચૂકવણી અને નાણાં ટ્રાન્સફરનો સમાવેશ થાય છે - માટે UPI પર વધુને વધુ નિર્ભર બની રહ્યા છે. તહેવારોની મોસમ દરમિયાન ગ્રાહકો દ્વારા કરવામાં આવેલો વધુ ખર્ચ પણ ડિજિટલ ચૂકવણીની પ્રવૃત્તિમાં થયેલા આ વધારા માટે જવાબદાર રહ્યો છે.

ઓક્ટોબરમાં ભારતનો મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ઘટીને 54.7 થયો

સપ્ટેમ્બરના 55.1 સામે આંકડો નીચે આવ્યો છતાં સેક્ટરમાં વૃદ્ધિ યથાવત, નિકાસ ઓર્ડર છ મહિનાની ઊંચી સપાટીએ

નવી દિલ્હી, તા. 2: ઓક્ટોબર દરમિયાન ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વિસ્તરણ ચાલુ રહ્યું હતું, પરંતુ પાછલા મહિનાની તુલનામાં તેની ગતિ થોડી ધીમી પડી હતી. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ સપ્ટેમ્બરમાં 55.1 થી ઘટીને 54.7 થઇ ગઇ છે. ઉત્પાદન અને નવા ઓર્ડરની વૃદ્ધિ ધીમી પડી હતી, જ્યારે નિકાસ ઓર્ડર છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. ઓક્ટોબરમાં ભારતની મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટી ધીમી પડી હતી. આનું મુખ્ય કારણ ઉત્પાદનમાં ઓછો વધારો અને પહેલા કરતા નવા ઓર્ડર ઓછા હતા. જો કે, ખર્ચના દબાણમાં ઘટાડાથી આ ક્ષેત્રને મોટી મંદી ટાળવામાં મદદ મળી હતી.

એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) ઓક્ટોબરમાં ઘટીને 54.7 થયો હતો, જે સપ્ટેમ્બરમાં 55.1 હતો. જો કે, તે હજી પણ તેની લાંબા ગાળાની સરેરાશ અને 50ના તટસ્થ સ્તરથી ઉપર રહે છે.

સર્વે મુજબ ડિમાન્ડમાં સતત સુધારાને કારણે નવા બિઝનેસમાં સારી વૃદ્ધિ જોવા મળી હતી. નવા ઓર્ડરની વૃદ્ધિ સપ્ટેમ્બરમાં સાત મહિનાની ઊંચી સપાટીથી થોડી ઓછી હતી અને ઐતિહાસિક સરેરાશ સામે મજબૂત રહી હતી.

ઓક્ટોબરમાં ઉત્પાદન અને નવા ઓર્ડરની વૃદ્ધિ ધીમી હોવા છતાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વિસ્તરણ ચાલુ રહ્યું હતું. કંપનીઓએ કર્મચારીઓની સંખ્યામાં વધારો કર્યો અને કાચા માલનો જથ્થો પણ એકઠો કર્યો. જો કે, નવા ભરતીની ગતિ ધીમી હતી અને વ્યવસાયમાં કંપનીઓનો વિશ્વાસ નબળો પડ્યો હતો.

એચએસબીસીના ચીફ ઇન્ડિયા ઇકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, ઉત્પાદકોએ છેલ્લા આઠ મહિનામાં સૌથી વધુ માત્રામાં કાચા માલના સ્ટોકમાં વધારો કર્યો છે. કંપનીઓએ વૈશ્વિક પરિસ્થિતિઓમાં અસ્થિરતા વચ્ચે સંભવિત અછતને પહોંચી વળવા અને ઉત્પાદનની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે સાવચેતી રાખી રહ્યા છે. કંપનીઓને બાંગ્લાદેશ, કેનેડા, ઇન્ડોનેશિયા, નેપાળ, ઓમાન, સાઉદી અરેબિયા, શ્રીલંકા, યુકે, યુએસ અને યુનાઇટેડ આરબ અમીરાત સહિત ઘણા દેશોમાંથી નવા ઓર્ડર મળ્યા છે.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૧૭૪૦
તેજાબી સોનું	૧૪૧૬૫૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૪૬૫૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૩૮૯૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૧૭૪૦૦
ચાંદી (૯૯૯)	૧૮૫૨૩૦
ચાંદી સિક્કા	૧૮૬૭૩૦

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

મિલ્કત વેચવાની છે

સ્વાતી સોસાયટી
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001 (11416)

2.15 વિંઘા ઇન્ડસ્ટ્રીયલ
Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ. Mo. 9687580001 (11417)

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા, કણજા 9687580001 (11419)

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઇ (કોસંબા) 9687580001 (11418)

ફ્લેટ વેચવાના છે
ધનલક્ષ્મી એવીતા E-404, C-404, C-204, 3 BHK છે. D-103 2BHK છે. દલાલ ભાઈઓએ નીચેનાં નંબર પર સંપર્ક કરવો (VR Mall ની આગળ) MO. 9579076873 (12511)

પાલમાં સેન્ટ્રોમ
સર્કલની નજીક હવા ઉજાસવાળો 3 BHK ફ્લેટ વેચવાનો છે. 9374535403 (402)

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઇફ ટાઇમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઇનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

જુનુ AC વેચવુ છે?
સારી કિંમત નથી મળતી ? ચિંતા કરવાની કોઈ જરૂર નથી આવો અમારી પાસે અને મેળવો તમારા જુના ACનો શ્રેષ્ઠ ભાવ. જુનુ AC ચાલુ કે બંધ હાલતમાં લેવામાં આવશે. સારા ભાવની ખાતરી માટે આજે જ સંપર્ક કરો. Mo. 9316100413 (12509)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12510)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય
9898041152

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184. (12512)

લાઇફ હિંચકાના કડાં,
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222282, 8460222292 (12513)

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile:- 9825859049, 7859985601 (12514)

મિલ્કત ભાડેથી

ઓફિસ ભાડેથી
આપવાની છે 1200 ચોરસ ફૂટ કારપેટ ગ્રાઉન્ડ ફ્લોર પર અઠવાગેટ સર્કલ ઉપર કોમર્શીયલ હેતુ માટે Call: 9998219288 (12355)

નોકરી વિષયક

જોઈએ છે
Dr. રાઠોડ દવાખાના માટે ફક્ત લેડીસ હેલ્પર એડ્રેસઃ કૃષ્ણા કોમ્પલેક્ષ, ભટાર રોડ, સુરત. મો. 9898166464 પગાર 9000- 10000 (12504)

અર્જન્ટ સ્ટાફ જોઈએ
છે ફિલ્ડ વર્ક કરી શકે તેવા છોકરા અને છોકરીઓ કલેક્શન કરવા માટે નોંધઃ તમારી પાસે ગાડી હોવી ફરજીયાત છે MO. 9173587897 (12505)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. દિવાળીમાં (અષ્ટવિનાયક), (ભીમાશંકર), (ઉજ્જૈન), (દ્વારકા), (શિરડી, સાપુતારા), (સફેદરણ) (અંબાજી, ચોટીલા, વીરપુર, સારંગપુર) (સ્ટેચ્યુ ઓફ યુનિટી) 7802062340 (400)

જૂના જાણીતા રાજુમોદી
દિવાળીમાં કેરેલા, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ, 8 નવેમ્બર, દિવસ 13 સ્ટારગ્રેડ હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર, ટ્રેનમાં સુરતથી સુરત. 9374512979 (401)

કાશ્મીર, વૈષ્ણોદેવી
અમૃતસર 4 સીટ બાકી દિવસ- 13 સ્લીપર 6352474903 (12506)

મામાદેવ ટ્રાવેર્લ્સ
ઉજ્જૈન- ઓમકારેશ્વર. 11/11, કચ્છ-ભુજ. 16/11. દ્વારકા- સોમનાથ. 16/11. જમવા સાથે, સ્લીપર બસ. -8238796119 (12515)

પ્રથમ ટ્રાવેર્લ્સ
દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાટુશ્યામ, સાંવરિયા શેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા, મહાબળેશ્વર. વિજય પારેખ. કતારગામ. 9825344459. (12507)

આશાપુરી 23/11.
પૂનમ, ડાકોર, અંબાજી, સુન્ધામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગ્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. 9426741783 (12508)

ઓમશિવ ટ્રાવેર્લ્સ
બેસતુવર્ષ 10, 12, 17 (કચ્છ, સફેદરણ, આશાપુરામાતા, માંડવી, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, ચિત્તૌડગઢ, માઉન્ટઆબુ) (હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન) (જોધપુર, જેસલમેર, જુનારણુંજા) (નાસિક, શીર્ડી, સપ્તશ્રૃંગી, શનિદેવ) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997 (12516)

રોશનીશિવ ટ્રાવેલ્સ
(1) તારીખ- 11/11, હરિદ્વાર, મથુરા, શ્રીનાથજી, જયપુર, અંબાજી, દિવસ- 12, (2) તારીખ- 10/11, ઉજ્જૈન, ઓમકારેશ્વર, દિવસ- 3, (3) તારીખ- 11/11, ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, સાવરીયાશેઠ, ચિત્તૌડગઢ, અંબાજી. દિવસ- 7 (4) તારીખ 11/11, જોધપુર, જેસલમેર, રામદેવડા, બિકાનેર. દિવસ- 6. -9427478966, 9978678966 (12517)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.